# Directorate of Technical Education, Gujarat State
# નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય

બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, છઠો માળે, સેક્ટર ૧૦એ, ગાંધીનગર–૩૮૨ ૦૧૦.
6th Floor, Block No.2, Karmayogi Bhavan, Sector 10-A, Gandhinagar–382010.

☎ : (079) 232 53546
FAX : (079) 23253539
URL : http://dte.gujarat.gov.in
email: dteguj@gujarat.gov.in


ક્રમાંક: ડીટેઇ/એકેડેમીક/સંસ્થાબદલી/પરિપત્ર/ક(૪)/૨૦૨૦/ ૩૬૩૮ તા. 13 0 APR 2020

વિષય:- ગુજરાત રાજ્યમાં આવેલ એક ઇજનેરી કોલેજ/પોલીટેક્નીકમાંથી બીજી ઇજનેરી/ પોલીટેકનીકમાં વિદ્યાર્થીઓને બદલી આપવા બાબત.

**પરિપત્ર:**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા.૧૩/૦૩/૨૦૦૩ના ઠરાવ ક્રમાંક:ટીઇએમ/૧૦૨૦૦૩/૧-સ થી ગુજરાત રાજ્યમાં આવેલ એક સરકારી ઇજનેરી કોલેજ/પોલીટેક્નીકમાંથી બીજી સરકારી ઇજનેરી કોલેજ / પોલીટેકનીકમાં વિદ્યાર્થીઓને બદલી આપવા માટેના નિયમો અમલમાં છે. (ઠરાવની નકલ વડી કચેરીના વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.)

ઉકત જોગવાઇ અનુસાર નીચે દર્શાવ્યા મુજબના ૩ (ત્રણ) સંજોગોમાં વિદ્યાર્થીઓને સંસ્થા બદલી આ કચેરી દ્વારા આપવામાં આવે છે.

(૧) વિદ્યાર્થીઓના પ્રથમ વર્ષમાં પ્રવેશ બાદ માતા અથવા પિતાનું અવાસાન થયુ હોય,

(૨) વિદ્યાર્થી જે સ્થળે અભ્યાસ કરતો હોય તે સ્થળ વિદ્યાર્થીની તબિયતને અનુકૂળ ન હોય અને તેથી સ્થળ ફેર માટે તબીબી બોર્ડ ભલામણ કરી હોય,

(૩) જો બે સરકારી કોલેજોમાં સમાન સેમેસ્ટરમાં સમાન વિદ્યાશાખામાં વિદ્યાર્થીઓ અરસ-પરસ બદલી કરવા સંમત હોય તો બન્ને કોલેજોના પ્રિન્સીપાલની સંમતિ મેળવી સેમેસ્ટરના બાધ વિના પણ બદલી કરી શકશે.

સદર ઠરાવમાં અરજી કરવાની સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે તે મુજબ વિદ્યાર્થીઓ પોતાની હાલની કોલેજના આચાર્યને નિયત નમુના-૧ માં **૧ ઓગસ્ટથી ૧૫ મી સપ્ટેમ્બર સુધીમાં** અરજી કરવાની રહેશે તેમ ઠરાવેલ છે. જેથી સંસ્થા બદલી અંગેની કાર્યવાહી વર્ષમાં એકજ વાર કરવાની રહેશે.

પ્રસ્તુત બાબતે અત્રેની કચેરીના તાબા હેઠળના તમામ સરકારી અને અનુદાનીત ડીગ્રી / ડીપ્લોમા ઇજનીરી / ફાર્મસી કોલેજોને જણાવવાનું કે વિદ્યાર્થીઓને સંસ્થા બદલી માટેના સરકારે બહાર પડેલ ઠરાવની જોગવાઇઓનો સંસ્થાઓ દ્વારા ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. વિદ્યાર્થીઓની સંસ્થા બદલી માટેની અરજીઓ સરકારશ્રી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં મેળવી અત્રેની કચેરીને દર વર્ષે .30 **સપ્ટેમ્બર** સુધીમાં સંસ્થા કક્ષાએથી પુરતી ચકાસણી કરી આચાર્યશ્રીના સહી સિક્કા અને ભલામણ સાથે અત્રેની કચેરીને મોક્લી આપવા આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. નિયત સમય મર્યાદા બાદ કરવામાં આવેલ અરજીઓ તેમજ અધૂરી વિગતવાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

વધુમાં, અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે, અમુક સંસ્થાઓના સંબંધીત કર્મચારીઓ/અધિકારીઓ દ્વારા સંસ્થા બદલીના નિયમો બાબતે જાણકારી મેળવવા માટે વિદ્યાર્થીઓને સંસ્થા કક્ષાએથી માર્ગદર્શન આપવાના બદલે વડી કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે, જે યોગ્ય નથી. જેથી વિદ્યાર્થીની સંસ્થા બદલીની સઘળી જાણકારી સંસ્થા કક્ષાએથી વિદ્યાર્થીઓને પુરી પડવા સંસ્થાના વડાશ્રીને જણાવવામાં આવે છે.

સંયુક્ત ટેક્નીકલ શિક્ષણ નિયામક

બિડાણ: તા.૧૩/૦૩/૨૦૦૩ના ઠરાવની નકલ.

\\CTEFTPSRV\common\Student_transfer_Circular_19_3_2020.docx

ગુજરાત રાજ્યમાં આવેલ એક ઈજનેરી કોલેજ / પોલીટેકનીકમાંથી બીજી ઈજનેરી / પોલીટેકનીકમાં વિદ્યાર્થીઓને બદલી આપવા માટેના નિયમો–અનુસરવાની પધ્ધતિ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ટીઈએમ/૧૦૨૦૦૩/૧–સ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ – ૧૩/૩/૨૦૦૩

<u>વંચાણે લીધાઃ–</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૪/૬/૮૫ નો ઠરાવ ક્રમાંકઃ જીટીઆઈ/૧૦૮૫/૧૪૫૩/ઘ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૭/૮/૮૫ નો ઠરાવ ક્રમાંકઃ જીઈસી/૧૦૮૫/૧૪૫૩/ઘ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૧૦/૯/૮૬ નો ઠરાવ ક્રમાંકઃટીઈએમ/૧૦૮૬/૨૨૩૦/સ.
(૪) શિક્ષણ વિભાગનો તા.૨૫/૯/૮૬ નો ઠરાવ ક્રમાંકઃટીઈએમ/૧૦૮૬/૨૨૩૦/ઘ

**ઠરાવઃ–**

ગુજરાત રાજ્યમાં ઈજનેરી કોલેજ/પોલીટેકનીકમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એક ઈજનેરી કોલેજ / પોલીટેકનીકમાંથી બીજી ઈજનેરી કોલેજ / પોલીટેકનીકમાં બદલીથી પ્રવેશ આપવાના નિયમો વચાણે લીધેલા ઉક્ત સંદર્ભિત ઠરાવો અન્વયે બહાર પાડવામાં આવેલા છે. જેમાં પુનઃ વિચારણા કરીને નવેસરથી આદેશો બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉક્ત વિચારણાના અંતે જૂના નિયમો રદ કરીને, આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ અનુસારના નિયમો અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે....

(આર. વી. સુથાર)
સરકારના ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

**પ્રતિ,**

૧. માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગતસચિવશ્રી.
૨. ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૩. અધ્યક્ષશ્રી, ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૪. તમામ આચાર્યશ્રી / સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ ઈજનેરી તેમજ ડીપ્લોમા ઈજનેરી કોલેજો, ( ટેક્નીકલ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફતે)
૫. તમામ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ
૬. સીલેક્ટ ફાઈલ.
૭. ના.સે.અ.સીલેક્ટ ફાઈલ.

**શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :- ટીઇએમ-૧૦૨૦૦૩-૧-સ, તારીખ:-૧૩-૩-૨૦૦૩ નું**

**બિડાણ**

**પરિશિષ્ટ-૧**

સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ ડીગ્રી ઇજનેરી ફાર્મસી કોલેજોમાં વિધ્યાર્થીઓની આંતરીક શાખા બદલી તેમજ સંસ્થા બદલી અંગેના નિયમો.

oooooooooooooooooooooooooooooo

**નિયમ-૧-આંતરીક શાખા બદલી અંગેના નિયમ:-**

(૧)પ્રથમ વર્ષ અથવા બીજુ સેમેસ્ટર પુરુ થયા બાદ તેમાં મેળવેલ માર્કસની મેરીટ આધારે વિધ્યાર્થીઓની મળેલ અરજીઓ પરથી સંસ્થાના આચાર્ય આંતરીક શાખા બદલી આપી શકશે.

(૨)અન્ય સંસ્થામાંથી બીજા વર્ષ/ત્રીજા સેમેસ્ટરની શરુમાં બદલાઇને આવેલ વિધ્યાર્થીને આંતરીક શાખા બદલી આપવામાં આવશે નહી.

**નિયમ-૨- વિધ્યાર્થીઓની કોલેજ બદલી અંગે.:-**

પ્રથમ વર્ષ અથવા બીજુ સેમેસ્ટર પુરુ થાય તે દરમ્યાન કોઇપણ વિધ્યાર્થીને બદલી આપવામાં આવશે નહી.

**નિયમ-૩.-ક્યારે બદલી થઇ શકશે :-**

જયાં વર્ષની પધ્ધતિ હોય ત્યાં બીજા, ત્રીજા કે ચોથા વર્ષની શરુમાં જયારે જયાં સેમેસ્ટરની પધ્ધતિ હોય ત્યાં ત્રીજા, પાંચમા કે સાતમા સેમેસ્ટરની શરુમાં બદલી થઇ શકશે.

**નિયમ-૪-કયા સંજોગોમાં બદલી થઇ શકશે :-**

વિધ્યાર્થીઓની બદલી માત્ર નીચેના સંજોગોમાં કરી આપવામાં આવશે. પરંતુ નિયમ (૧) હેઠળ વિધાશાખા બદલી મેળવનાર વિધાર્થી બીજા વર્ષની કે ત્રીજા સેમેસ્ટરની શરૂઆતમાં સંસ્થા બદલી મેળવવા પાત્ર થશે નહીં

૧) વિધ્યાર્થીના પ્રથમ વર્ષમાં પ્રવેશ બાદ માતા અથવા પિતાનુ અવસાન થયુ હોય

૨) વિધ્યાર્થી જે સ્થળે અભ્યાસ કરતો હોય તે સ્થળ વિધ્યાર્થીની તબિયતને અનુકૂળ ન હોય અને તેથી સ્થળ ફેર માટે તબીબી બોર્ડએ ભલામણ કરી હોય;

૩) જો બે સરકારી કોલેજોમાં એકજ સેમેસ્ટરમાં વિધ્યાર્થીઓ અરસ પરસ બદલી કરવા સંમત હોય તો બન્ને કોલેજના પ્રિન્સીપલાની સંમતિ મેળવી સેમેસ્ટરના બાધ વિના પણ બદલી કરી શકશે

**નિયમ-૫-બદલીઓ કેટલી સંખ્યામાં થઇ શકશે તે અંગે :-**

કોઇપણ વિધ્યા શાખામાં જેટલી જગ્યા ભરાયા વિના રહે તે, કે બદલીના કારણે અથવા અન્ય કારણે ખાલી થાય તે ઉપરાંત કુલ મંજુર થયેલ જગ્યાઓના ૧૦ ટકા જગ્યાઓ પ્રતિ વર્ષ સંસ્થામાંથી બદલીથી, સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો તથા એ.આઇ.સી.ટી.ઇ.ના નિયમોને આધિન રહીને બદલીથી ભરી શકાશે.

**નિયમ-૬-અરજી કરવાની સમય મર્યાદા:-**

(૧) વિધ્યાર્થીએ પોતાની હાલની કોલેજના આચાર્યને નિયત નમુના-૧ માં ૧ ઓગસ્ટથી ૧૫ મી સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે. આ સાથેજ નિયામક, ટેકનીકલ શિક્ષણને અરજી કરવાની રહશે આ માટે સંસ્થા કક્ષાએ અગ્રતા રજીસ્ટર રાખવાનુ રહેશે. અને ૧૬ મી સપ્ટેમ્બરે દરેક પ્રિન્સીપાલ મળેલ અરજીઓની યાદી મેરીટ મુજબ બહાર પાડશે.

(૨) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણએ તમામ સંસ્થાઓના વર્ષ કે સેમેસ્ટર શરુ થવાની તારીખો ૭૫ દિવસ પહેલાં જાહેર થાય તેની કાળજી લેવાની રહેશે. અને તેની વિગતો વેબસાઇટ ઉપર મુકવાની રહેશે.

(૩) સમય મર્યાદા પછી કરવામાં આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

(૪)સંસ્થા દીઠ/વિધ્યા શાખા દીઠ મળેલ અરજીઓ પૈકીના વિધ્યાર્થીઓની મેરીટ ધ્યાને લઇ બદલી કરવામાં આવશે

**નિયમ-૭:-અરજી મળ્યા બાદ પ્રિન્સીપાલની જવાબદારી:-**

(૧) અરજીઓ મળવાની સમય મર્યાદા પૂરી થયાના બીજા જ દિવસે, આચાર્યશ્રી અરજીઓ નમુના-૨ મુજબ રુબરુમાં સબંધિત મેડીકલ બોર્ડને મોકલાવીને નિયામકને નકલ મોકલાવી આપશે.

(૨) માતાપિતાના અવસાનના કારણોસરની બદલીની અરજી આચાર્યશ્રી દ્વારા નિયામક, ટેકનીકલ શિક્ષણને મોકલવામાં આવશે.

**નિયમ-૮ :- મેડીકલ બોર્ડ દ્વારા કામગીરી:-**

(૧) મેડીકલ બોર્ડ તેમને મળેલ તમામ અરજીઓ નાં વિધાર્થીઓની તબીબી તપાસ કરી તબિયત સંબંધમાં જરૂરી પ્રમાણપત્ર આપશે. જેમાં વિધાર્થીઓને કયા સ્થળો અનુકુળ છે. અને કયા પ્રતિકુળ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરશે.

(૨) મેડીકલ બોર્ડ જે તેઓને મળેલ અરજીઓના સંબંધે મેડીકલ સર્ટીફીકેટ નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને રજી.એ.ડી.થી સીધે સીધા મોકલાવી આપશે

(૩) આચાર્ય તરફથી અરજીઓ મળ્યા બાદ વધુમાં વધુ ૩૦ દિવસમાં મેડીકલ બોર્ડ તપાસ પ્રમાણપત્રો મોકલવાની તમામ કાર્યવાહી કરશે.

(૪) મેડીકલ બોર્ડની કામગીરી સમય મર્યાદામાં થાય તેના લાયેઝનીંગ માટે નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ દ્વારા સ્થાનિક કક્ષાએ અધિકારીને કામગીરી સોંપવામાં આવશે.

**નિયમ-૯-(૧) બદલી માટે સમિતિની રચના :-**

તબીબી પ્રમાણપત્રો આધારે નીચે મુજબના સભ્યોની બનેલી બદલી સમિતિ બદલી અંગે નિર્ણય લેશે. માતા પિતાના અવસાનના કારણે મળેલ અરજીઓની વિચારણા પણ આ સમિતિમાં આ સાથે જ કરવામાં આવશે.

| | |
|---|---|
| (૧) નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | અધ્યક્ષ |
| (૨) યુનિવર્સિટીના ટેકનીકલ ડીન-ગુજરાત યુનિવર્સિટી | સભ્ય |
| (૩) યુનિવર્સિટીના ટેકનીકલ ડીન-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી | સભ્ય |
| (૪) યુનિવર્સિટીના ટેકનીકલ ડીન-સરદાર પટેલ યુનિવર્સિટી | સભ્ય |
| (૫) અનુ.જાતિના સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | સભ્ય |
| (૬) મહીલાઓ માટેની સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ | સભ્ય |

(૨) આ સમિતિને વહીવટી સુવિધાઓ, નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા આપવામાં આવશે.

(૨)આ સમિતિની મુદત ત્રણ વર્ષની રહેશે. આ સમિતિ સબંધિત યુનિવર્સિટીના એલીજીબીલીટી અને પરિક્ષાના સમયપત્રક તથા વર્ષ/સેમેસ્ટરની શરૂઆત વગેરે બાબતો ધ્યાને રાખીને યોગ્ય ભલામણ કરશે અને આ ભલામણના અનુસંધાને વિધ્યાર્થીઓની સંસ્થા બદલીના હુકમો નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ દ્વારા કરવામાં આવશે.

કોલેજ કક્ષાએ મળેલ અરજીઓ અને તે પૈકી સંસ્થા બદલી થયેલ કેસો તથા સંસ્થા બદલી કરવામાં આવેલ ન હોય તેવા કેસો (કારણો સહિત) વિગતો વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

**નિયમ-૧૦-બદલી કયા સ્થળે થઇ શકશે..:-**

એકજ સ્થળે બદલી માટે વધુ કેસો હોવાના સંજોગોમાં મેરીટ ક્રમ મુજબ બદલી કરી આપવામાં આવશે.

**નિયમ-૧૧- બદલીના હુકમોનો અમલ :-**

(૧)વિધ્યાર્થીને જે વર્ષ કે સેમેસ્ટરમાં બદલી મળનાર હોય તે વિધ્યાર્થીએ માતૃ સંસ્થામાંથી, યથાપ્રસંગ અગાઉનું પહેલુ/બીજુ/ત્રીજુ વર્ષ અથવા બીજુ/ચોથુ/છઠ્ઠુ સેમેસ્ટર પાસ કરેલ હોવુ જોઇએ. પાસ કરવાની શરતે બદલી આપી શકાશે પરંતુ વિધ્યાર્થી ખરેખર પાસ ન થાય તો બદલીનો હુકમ આપો આપ રદ થઇ જશે

(૨)બદલી માંગનાર વિધ્યાર્થીની માતૃસંસ્થાના આચાર્યએ વિધ્યાર્થીના પરિણામની જાણ ફેક્સથી તેમજ લેખીતમાં નિયામક તેમજ સૂચિત બદલીની સંસ્થાના આચાર્યને કરવાની રહેશે.

**નિયમ-૧૨-** એક સ્વનિર્ભર સંસ્થામાંથી બીજી સ્વનિર્ભર સંસ્થામાં બદલી માટે રાજ્ય સરકાર હસ્તક્ષેપ કરશે નહી કે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ મંજુરી આપવાની રહેશે નહી. અભ્યાસક્રમ, પરીક્ષા અને એલીજીબીલીટી જેવી બાબતોને ધ્યાને લઇ વિધ્યાર્થી હાલમાં જે સ્થળે અભ્યાસ કરે છે તે સંસ્થા તેમજ બદલી માંગેલ સંસ્થા અરસ પરસ સંમતિથી વિધ્યાર્થી બદલી કરી શકશે.

**નિયમ-૧૩-** નિયમોના અર્થઘટનનો પ્રશ્ન હોય તો સરકારનો નિર્ણય આખરી રહેશે.